R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

નવક્રાન્તિ

અંક ૪૦ : ૧૯

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 13 DATE:01-04-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

અમદાવાદ સહિત સાત એરપોર્ટ પરથી પહેલી એપ્રિલથી હેન્ડબેગ પર સુરક્ષા ટેગ નહી લાગે

અમદાવાદ સહિતના દેશના સાત મહત્વના એરપોર્ટ પર ૧ લી એપ્રિલથી પેસેન્જરની હેન્ડ બેગ પર સુરક્ષા સબંધિત સ્ટેમ્પીંગ નહી લાગે. દિલ્હી,મુંબઈ,અમદાવાદ,કોલકત્તા,બેગલુરુ, હૈદ્રાબાદ અને કોચી એમ સાત વિમાની મથકો પરથી આ સુવિધાઓ ઉપલબ્ધ બનશે.આ પ્રયોગ સફળ થશે તો તમામ ૫૯ એરપોર્ટ પર પણ આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે.

સીઆઈએસએફના ડિરેકટર જનરલ ઓ.પી.સિહે કહ્યુ હતું કે સાત એરપોર્ટ પર પેસેન્જરની હેન્ડ બેગ પર સ્ટેમ્પીંગ અને ટેગની પ્રક્રિયા ૧ લી એપ્રિલથી બંધ કરી દેવાશે. આ માટે જરુરી સુચના અને સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.આ પગલાંથી પેસેન્જરને સુરક્ષાના નામે કનડગતમાંથી રાહત મળશે.એરપોર્ટની સુરક્ષા સાથે જોડાયેલા એક અધિકારીના જણાવ્યા પ્રમાણે ૩૦૦ વધુ સ્માર્ટ અને હાઈડેફીનેશન સીસીટીવી કેમેરા આ એરપોર્ટ પર ઈન્સ્ટોલ કરી દેવાયા છે.અને બેગેજ ચેકીંગ એકસ-રે મશીન ખાતે રોલરની લંબાઈ વધારી દેવાઈ છે.જેથી તમામ બેગ સારી ચકાસીને આગળ ધપાવી શકાય અને શંકાસ્પદ બેગ અલગ કરી શકાય.તેમણે કહ્યુ હતું કે માત્ર દિલ્હીના ઈન્દીરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેજ ૮૦ નવા સીસીટીવી કેમેરા મુકવામાં આવ્યા છે. એ જ રીતે મુંબઈમાં પણ એટલીજ સંખ્યામાં કેમેરા પીટીઝેડ ફેસીલીટીથી સજજ છે.મતલબ કે આ કેમેરા ચોક્કસ વિસ્તારમાં શંકાસ્પદ જણાતી વસ્તુ કે વ્યક્તિ તરફ ઝુમ પણ થઈ શકે છે.

એચ૧-બી વિઝા પર મુકાયેલ અંકુશથી યુએસ પર માઠી અસર થશે : વિદેશ મંત્રી સુષમા સ્વરાજ

અમેરિકા દ્વારા જો એચ૧-બી વિઝા પર તેમજ ઈમીગ્રેશન અને બિઝનેસ આઉટસોર્સિંગ પર અંકુશો લાદવામાં આવશે તો તેનાથી ફકત ભારતીયોને જ નહી અમેરિકાને પણ માઠી અસર થશે તેમ ભારતના વિદેશ મંત્રી સુષમા સ્વરાજે રાજ્યસભામાં કહ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે ભારત સરકાર એચ૧-બી વિઝા અને તેને સંલગ્ન મુદ્દાઓ પર અમેરીકી સત્તાવાળાઓ સાથે ચર્ચા કરી રહી છે.તે માત્ર કહેવા પુરતી જ વાતચીત નથી પરંતુ તે પણ તાકિક મુદ્દાઓ અને નક્કર આંકડાઓ સાથે રજુઆત થઈ રહી છે.જો કે ટ્રમ્પના શાસનમાં ઘણા ભારતીયોએ પરત આવવું પડશે

રાજ્યમાં ખાનગી સ્કુલો મન ફાવે તેવી ફી હવે લઇ શકશે નહીં :ધી ગુજરાત સેલ્ફ ફાયનાન્સ સ્કુલ (રેગ્યુલેશન ઓફ ફી બીલ-૨૦૧૭) વિધેયક મંજુર

સરકારના અનુદાન વગરની બિન સરકારી શાળાઓ (સેલ્ફ ફાયનાન્સ સ્કુલ્સ) માં બેફામ રીતે વસુલાતી ફી ઉપર હવે કાયદેસરની લગામ આવશે. રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં રજુ કરાયેલા ધી ગુજરાત સેલ્ફ ફાયનાન્સ સ્કુલ રેગ્યુલેશન ઓફ ફી બીલ-૨૦૧૭ વિધેયકને મંજુરી આપી દેવાઈ છે.પ્રાથમિક શિક્ષણ માટે રુ. ૧૫૦૦૦,માધ્યમિક શિક્ષણ માટે ૨૫૦૦૦ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે રુ.૨૭૦૦૦ ફીનું ધોરણ નિયત કરાયું છે. હવેથી તેના કરતાં વધું ફી વસુલવા માટે દરેક શાળા સંચાલકોએ રાજ્ય સરકાર દ્વારા નિમાયેલી ફી નિર્ધારણ સમિતિ સમક્ષ રજુઆત કરવી પડશે. એટલું જ નહીં પણ ફી વધારાનું વાજબીપણું સાબિત કરવું પડશે.શાળાઓ પાસેથી સોગંદનામું મંગાવીને તેની ચકાસણી કરાયા બાદ રુબરુમાં સુનાવણી કરીને ફી નક્કી કરાશે.

વિધાનસભામાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાત સ્વનિર્ભર શાળા ફી નિયમન વિધેયક ૨૦૧૭ રજુ કર્યુ હતું.તેમણે કહ્યુ હતું કે બિન સરકારી શાળાઓમાં વારંવાર કરાતા બેફામ ફી વધારાને નિયંત્રણમાં લાવવા માટે સરકાર લાખો વાલીઓ અને વિદ્યાર્થીઓની વહારે આવી છે.સરકારે અગાઉ ફી વસુલવા માટે આદર્શ આચારસંહિતા પણ અમલમાં મુકી હતી.પરંતુ તેનો અમલ કરવામાં આવતો નહોતો અને ખાનગી સ્કુલો મનફાવે તેવી ફી વસુલતી હતી જેનો વાલીઓ તરફથી ભારે વિરોધ કરવામાં આવ્યો હતો

બોર્ડર-ગવાસકર ટ્રોફી મેળવનાર વિજેતા બનેલી ભારતીય ટીમ વિશ્વના તમામ દેશો સામે સીરીઝ જીતીને ક્રિકેટમાં પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે.ઓસ્ટ્રેલીયા સામે તાજેતરમાં રમાયેલ ટેસ્ટ મેચની સીરીઝમાં ભારતે ૨-૧થી સીરીઝ જીતી લીધી છે.ઓસ્ટ્રેલીયા વિરુધ્ધ મેચ જીતનારા ભારત ક્રિકેટ ટીમના ખેલાડીઓની બોર્ડર-ગવાસકર ટ્રોફી સાથેની તસવીર.આ સીરીઝમાં મેન ઓફ ધ સીરીઝ અને મેન ઓફ મેચ તરીકે રવિન્દ્ર જાડેજાની પસંદગી કરવામાં આવી હતી.છેલ્લી ધરમશાળા ખાતે રમાયેલ ટેસ્ટ અત્યંત રસાકસીભરી બની હતી જેને ભારતે જીતી લીધી હતી.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

નવક્રાંતિ

અમેરિકામાં ટ્રમ્પ શાસને ગેરકાયદેસર અમેરિકામાં વસતા અને નોકરી કરતાં લોકોને વીણી વીણીને દેશનિકાલ કરવાની કસરત મોટા પાયે કરવા માંડી છે.ટ્રમ્પશાસનનો આ નિર્ણય ભારતીયો માટે પણ દઝાડનારો છે. અમેરિકામાં ગેરકાયદેસર વસવાટ કરનારા ભારતીયોની સંખ્યા મામુલી નથી.જો કે તાજેતરમાં શરુઆતના તબક્કે આઠસો જેટલા વ્યક્તિઓનું લીસ્ટ ભારત સરકારને મોકલી આપવામાં આવ્યું છે.પરંતુ સરકારે તેને સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે અને આ વ્યક્તિઓની વિગતો આપવા જણાવ્યુ છે.બહાના અને જુદા જુદા કારણો બતાવીને સત્યને ટાળવાની આપણી ગળથુથીમાં રહેલી માનસિકતા બદલવી પડશે.યુએસ જેમને પરત મોકલાવશે તેને તમારે સ્વીકારવા પડશે જો કે અમેરિકામાં વરસો સુધી વસવાટ કરીને બે પાંદડે થયેલાઓને બધું મુકીને પરત ફરવું પડે તે સ્વીકાર્ય ના હોય.પરંતુ તેમાં લાગણીઓને કોઈ સ્થાન નથી.યુએસના કાયદા મુજબ તે ગુનો છે અને તેને તેઓ છાવરવાના નથી.અહીયા કોઈ કાવાદાવા ફાવવાના નથી.જેટલુ ઝડપથી સત્ય સ્વીકારી લેવાય તે જરુરી છે.કાયદાની છટકબારીઓનો ભરપુર લાભ આવા લોકોએ વરસો સુધી ઉઠાવ્યો છે.ભારત સરકાર ક્યાં સુધી બચાવ કરશે.

જાહેર ખબરના ભાવ

આખુ પાન	૩.૧૦૫૦૦	અર્ધુ પાન	૩.૫૦૦૦
૧/૪ પાન	૩.૨૫૦૦	૧/૮ પાન	૩.૧૦૦૦
વાર્ષિક પેનલ	૩.૭૨૦૦	માસિક પેનલ	૩.૧૦૦૦

ટચુકડી જાહેરાત ૩.૫૦૦

વ્યવસાયિક જા.ખ. ૩.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

અનુ.પાન નં.૫ ઉપરનું ચાલુ

સર્વશ્રેષ્ઠ છે.આપણા પર જે અપકાર કરે, એના પ્રત્યે પણ ઉપકારની ભાવના રાખવી એ સર્વશ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણાય છે. એ જ માણસ તરીકે આપણો સાચો ધર્મ છે.

માણસ કે સંસ્થાને ઓળખીને, સુપાત્ર છે કે કુપાત્ર છે,એનો ભેદ પારખીને દાન કરવામાં આવે તો એ યોગ્ય રીતે વપરાય છે.આ શ્રેષ્ઠતા જ માણસને ઉચ્ચ આસને બેસાડતી હોય છે.શ્રેષ્ઠ હોવું અને શ્રેષ્ઠ હોવાનો દંભ કરવો એ બે બાબતો અલગ છે.કોઈના માટે કંઈ કરીએ એમાં ભારોભાર નમ્રતા હોવી જોઈએ. જે માણસનો ડાબો હાથ દાન કરે, અને જમણાને ખબર ના પડે, એ સર્વશ્રેષ્ઠ કહેવાય.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

નવક્રાંતિના જન્મદિન ૪-૪-૯૨ના ઉજવણી નિમિત્તે યાદોના સંભારણા



ફાધર વિલિયમ, રિશ્તા જેમનું શમણું .આપણા ખ્રિસ્તી યુવા વર્ગને માનસિક રીતે પરિપક્વ કરવા માટે આદરેલ ભવ્ય પુરષાર્થને કારણે ગુજરાતમાંથી કેથલિક અને પ્રોટેસ્ટંટના કેટલાક યુવાનો અને યુવતીઓને પત્રકારત્વ શું છે તેનો પરિચય કરાવ્યો. લેખનની તાલિમ આપી.તંત્રીને પત્રો કેવી રીતે લખી શકાય તેની જાણકારી સિધ્ધ કરાવી,અને યુવા વર્ગને આ ક્ષેત્રમાં ખેચી લાવવા તેમણે ભગીરથ પ્રયાસો કર્યા.કેટલાય યુવાનો અને યુવતીઓને નાટક લખતા કર્યા અને તેમના નાટકો આકાશવાણી પરથી બ્રોડકાસ્ટ પણ થયા ત્યારે આપણે કંઈક કરી શકીએ છીએ તેવું પ્રેરક બળ તેમણે પુરુ પાડ્યું.અમે તેમના આ મહાયજ્ઞમાં અમે તેમના સાથી બની શક્યા તેનો ગર્વ લેવાનો અબાધિત હક્ક પણ તેમના દ્વારા સાંપડ્યો.કદાચ વર્ષો સુધી તેમની હુંફ અમારા નવક્રાંતિ અને ગરવી નવક્રાંતિ સામાહિકોને મળતી રહી છે તેના અમો ઋણી છીએ.જ્યારે અમો ૨૬ વર્ષોની લાંબી મજલ પુરી કરી શક્યા છીએ ત્યારે તેમના અમો નવક્રાંતિના જન્મદિને તેમનો આભાર વ્યક્ત કરતાં તેમની તંદુરસ્તી માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે તેમને પ્રભુ દિર્ધાયુષ આપે.તેમની માંદગીના બિછાનેથી પણ તેમને સમાજ માટે કંઈક કરી છુટવાની તમન્ના છે.

આજે હુ મારા તમામ વાચકોને અપીલ કરુ છું કે તેઓ ફાધર વિલિયમને માટે ઈશ્વરને પ્રાર્થના કરે કે તેમને સંપુર્ણ તંદુરસ્તી આપે અને તેમનો ઉપયોગ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં કરે જેની તાતી જરુરીયાત છે.આજના તબક્કે હું સ્વ.જોસેફ મેકવાન અને ફાધર વિલિયમ કે જેઓ અમારા સામાહિકની સફળતાના શિલ્પીઓ છે.તેમનો હું ઋણી છું.

આપણી આ સરકાર, કૃષિક્ષેત્રે લાવશે ચમત્કાર
ગુજરાતના ખેડુતોનું જીવન બનશે સમૃધ્ધ

કૃષિ વિકાસ અને કૃષિક્રાંતિ માટે રૂ.૬૪૦૦ કરોડ ખર્ચાશે

કૃષિ અને સહકાર વિભાગ નું નામ બદલીને કૃષિ,સહકાર અને ખેડુત કલ્યાણ વિભાગ રાખવાનો નિર્ણય

સૌની યોદના : બીજા તબક્કામાં સૌરાષ્ટ્ર પ્રદેશના ૧૦ જિલ્લામાં ૬૩ જળાશયો ભરાશે :૧,૯૪,૦૦૦ હેક્ટર જમીનને સિંચાઇ સુવિધારૂ.૧૬૯૮ કરોડની ફાળવણી

સુજલામ સુફલામ યોજના : ગાંધીનગર અને મહેસાણા જિલ્લાની મળી કુલ ૧૭૭૦૦ હેક્ટર જમીનને આવરી લેવા પાંચ ઉદ્વહન સિંચાઇ યોજનાઓ : રૂ.૨૧૦ કરોડની જોગવાઇ

ટપક સિંચાઇ યોજના : રૂ.૩૧૩ કરોડની જોગવાઇ : સીમાંત અને સામાન્ય ખેડુતોને અપાતી સહાય વધારી ૭૦% અને અનુસિચત જાતિ તથા અનુસુચિત જનજાતિના ખેડુતોને ૮૫% કરી.

શ્રમ-સમયની થશે બચત : ટ્રેક્ટરની ખરીદી માટે ૨૪,૦૦૦ ખેડુતોને સહાય

ખેડુતોને સહાય : ૧૪ લાખ ખેડુતો માત્ર ૧ % વ્યાજથી મેળવશે પાક લોન

પાકને મળશે રક્ષણ : ખેતર ફરતે લોખંડની ફેમવાળી તારની પાડ બનાવવા રૂ.૨૦૦ કરોડ ખર્ચાશે.

ખેડુતો બનશે સમૃધ્ધ : વીજદરમાં રાહત માટે રૂ.૪-૧૧ કરોડની જોગવાઇ

કૃષિ વીજજોડાણ માટે રૂ.૨૦૦૦ કરોડની જોગવાઇ :૧,૨૫,૦૦૦ વીજ જોડાણ આપી વર્ષ ૨૦૧૩ સુધીનો બેકલોગ પુરો કરાશે.
પર્યાવરણ રક્ષણ અને પુન :પ્રાપ્ય ઉર્જા સંવર્ધન :૪૫૦૦ ખેડુતોને સોલર પંપ માટે મદદ અપાશે

પશુ આરોગ્ય સંભાળ માટે રૂ.૧૨૦ કરોડની જોગવાઇ : સારી ગાયોની નસલ સુધાર-સંવર્ધન માટે દરેક તાલુકા મથકે નંદીઘર

..... અને ઘણુ બધું

શ્રી નરેન્દ્રભાઇ મોદી
પ્રધાનમંત્રી,ભારત સરકાર

ખેતરે ખેતરે લહેરાશે હરિયાળી

સૌનો સાથ.... સૌનો વિકાસ

નિર્ણાયક સરકાર : પ્રગતિશીલ બજેટ

શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય

ગૌરક્ષા, હિંદુત્વ અને કતલખાના બંધ કરવાનો કડક કાયદો

ભારતમાં જેમ સ્ત્રીઓને 'દેવી' અને 'શક્તિનો અવતાર' ગણાવ્યા પછી તેમનું શોષણ કરવામાં તેમને ઉતરતી ગણવામાં કશું બાકી નથી રખાયું, એવી જ રીતે, ગાયોને 'માતા' ગણીને તેમની અવદશા કરવામાં પણ કોઈ કસર રહી નથી.

ચાર વર્ષ પહેલાં ગુજરાત અને હમણાં મહારાષ્ટ્ર-હરિયાણામાં ગૌવંશ હત્યા તથા બીફ (ગૌમાંસ)ના ખરીદ-વેચાણને સજાપાત્ર ગુનો બનાવતાં કાયદા અમલમાં આવ્યા. તેની વાત કરતાં પહેલાં થોડી વકતાઓ નોંધી લઈએ.

ગાંધીજી આસ્થાળુ હિંદુ તરીકે ગાયના પરમ ભક્ત અને ગૌવંશને બચાવવાના આગ્રહી હતા.સંઘ પરિવાર અને હિંદુ મહાસભા પ્રકારના, હિંદુ ધર્મના બની બેઠેલા ઠેકેદારો પણ પોતાને પ્રખર ગૌભકત ગણાવતા હતા.ગાયની કતલ સામે તેમને વાંધો હતો, પણ ગાંધી હત્યાથી તેમાંના ઘણા રાજી થયા હતાં -અને એવા વિચારવાળા ઘણાને હજુ પણ ગાંધીજી હત્યાનો અફસોસ થતો નથી.

મહારાષ્ટ્રમાં બીફ વિરોધી કાયદો આવ્યા પછી કતલખાના ચલાવનારાઓએ હડતાલ પાડી.તેના લીધે મુંબઈમાં સંજય ગાંધી નેશનલ પાર્કના હિંસક પ્રાણીઓને તેમના રોજીંદા ખોરાક વગર ચલાવવુ પડ્યું. સંજય ગાંધીના પત્ની મેનકા ગાંધી પ્રખર પશુપ્રેમી તરીકે જાણીતા છે.પરંતુ એક તરફ વાઘ-સિંહ અને બીજી તરફ હિંદુત્વના રક્ષકો વચ્ચે મેનકા ગાંધી શુ કરી શકવાના ?

દંભનું પ્રતિક

ગાય સાથે સંકળાયેલા કેટલાક મુખ્ય મુદ્દા : ગોપાલન- ગોસંવર્ધન, ગૌરક્ષા અને ગૌમાંસ, હિંદુત્વવાળા આ મુદ્દાને એકરૂપ અને એકબીજા સાથે ગુંચવાયેલા ગણવાને બદલે, તેમને અલગ પાડે છે અને તેમાંથી પોતાના સ્વાર્થને અનુરૂપ એવા મુદ્દા ચગાવે છે.

સૌથી પહેલો સવાલ ગોપાલન-ગોસંવર્ધનનો લઈએ, રખડતી ગાયો સામે કડક કાર્યવાહી થાય ત્યારે, સામેનો પક્ષ આક્રમક બચાવમાં કહે છે 'ગાય તો માતા કહેવાય. એને હાંકીને ડબ્બામાં પુરતા શરમ આવવી જોઈએ' પરંતુ આવી દલીલ કરનારને એટલું જ પુછવાનું થાય કે 'વધારે શરમ કોને આવવી જોઈએ '? રસ્તે રઝળતી 'માતા'ને લઈ જનારને કે પછી ગાયને માતા કહ્યા પછી તેને રસ્તે રખડતી મુકી દેનારને ?'

ભારતમાં જેમ સ્ત્રીઓને દેવી અને શક્તિનો અવતાર ગણાવ્યા પછી તેમનું શોષણ કરવામાં-તેમને ઉતરતી ગણવામાં કશું બાકી નથી રખાયું.એવી જ રીતે, ગાયોને માતા ગણીને તેમની અવદશા કરવામાં પણ કોઈ કસર રહી નથી.એ હિંદુ ધર્મના નામે ચાલતા દંભનું વરવું પ્રતિક છે. ભારતમાં ગાયોની દયનીય સ્થિતિ વિશે ક્યાંય તપાસ કરવા જવાની જરુર નથી. રસ્તે ચાલતાં જ તેનો પ્રત્યક્ષ અનુભવ થઈ શકે એમ છે.ગૌભકિત અને ગૌરક્ષાની બડી બડી વાતો કરનારા રાજનેતાઓને ગોચરની જમીનો વેચાઈ જાય ત્યારે ગાયનું હિત યાદ આવતું નથી. ભારતમાં ગાયોની અને પાંજરા પોળની અવદશા ગાંધીજીના સમયથી શરમનો અને ચિંતાનો વિષય રહ્યા છે.તેમના સમયમાં ગાયો કોમી લાગણી ઉશ્કેરનારુ પરિબળ પણ બની હતી. બીજી તરફ,ગાયો માટે ગાંધીજીએ ક્યારેક આશ્ચર્યજનક લાગે એ હદનો પુજયભાવ પ્રગટ કર્યો હતો.છતાં,અનેક વાર તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું, કાયદાથી ગાયની કતલ કદી અટકાવી નશકાય...જેમ કોઈ માણસનો જાન બચાવવા,એ જાન ગમે તેવો કિંમતી હોય તો પણ હું ગાયની હિંસા ન કરુ, તેવીજ રીતે કોઈ ગાયનો જાન બચાવવા હું માણસની પણ હિંસા ન કરું... આખી પૃથ્વીના લોકો ગાયની રક્ષા કરતા થઈ જાય એટલો મોટો મારો મનોરથ છે, પણ તેમાટે મારે પ્રથમ તો મારુ ઘર સારી રીતે સાફ કરવું જોઈએ... કાયદો કરીને ગોવધ બંધ કરવાથી ગૌરક્ષા નથી થઈ જતી, એ તો ગૌરક્ષાના કાર્યનો અલ્પમાં અલ્પ ભાગ છે.જે કાયદાની સામે સમજુ અને વ્યવસ્થિત લોકમતનો વિરોધ હોય અથવા ધર્મને બહાને નાનકડા મંડળનો પણ વિરોધ હોય તો તે કાયદો સફળ ન થાય.

પરંતુ પોતાની ટુંકી સમજ પ્રમાણે કે પછી રાજકીય ચાલબાજી મુજબ હિંદુત્વની વાતો કરનાર ગાયો ઉપરાંત બળદ અને વાછરડાં(ગૌવંશ)ની કતલ પર પ્રતિબંધ મુકીને પોતાની ગૌભક્તિ માટે પોરષાય છે.મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર બની એટલે તેના શરુઆતનાં કામોમાં એક ગૌરક્ષા વિરોધી કડક કાયદો બનાવવાનું હતું. આ જાતના કાયદામાં કરવા ખાતર ગાયોની દેખરેખ રાખવાની વાત થઈ હોય, પણ ખરો ભાર અને કાયદાની ખરી રાજકીય અપીલ ગોહત્યા કરનાર માટે જાહેર કરાયેલી સજામાં હોય છે.તેનાથી દર્શાવી શકાય છે કે 'જુઓ જુઓ ,અમે કેવા સુપરહિંદુ છીએ, અમે હિંદું વિરોધી ગોવિરોધીઓ સામે કેવા કડક હાથે કામ લઈએ છીએ.'

મહારાષ્ટ્રના કાયદા પ્રમાણે, ગાયો ઉપરાંત બળદોની કતલ ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.સાથો સાથ બીફની ખરીદી કે તેના વેચાણને પણ ગુનો ઠરાવવામાં આવ્યો છે. નવા કાયદા પ્રમાણે,કોઈ બીફ વેચતા કે ખરીદતા પકડાય તો તેને રૂ. ૧૦ હજારનો દંડ અને મહત્તમ પાંચ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.કાયદામાં દંડ અને સજાની જોગવાઈ હોય છે.('તોડ'ની રકમ તો બંન્ને પક્ષો વચ્ચે પરસ્પર સમજુતીથી નક્કી થાય છે

દરમિયાન હરિયાણામાં ભાજપની સરકારે પણ આ પ્રકારનો કાયદો પસાર કરી દીધો છે. તેમાં ઠરાવ્યા પ્રમાણે, ગૌહત્યા માટે જવાબદાર વ્યક્તિને મહત્તમ દસ વર્ષની જેલની સજા અને રૂ૩૦ હજારથી રૂ એક લાખ સુધીનો દંડ થઈ શકે છે.બીફ વેચનારને મહત્તમ પાંચ વર્ષની સખત કેદની સજા અને રૂ ૫૦ હજાર સુધીનો દંડ થઈ શકે છે. આ બાબતમાં મહારાષ્ટ્ર અને હરિયાણાં કરતા ગુજરાત આગળ છે.ગુજરાતમાં વર્ષ ૨૦૧૧માં પસાર થયેલા કાયદા અંતગર્ત ગૌહત્યા ઉપરાંત કતલના હેતુથી ગાયોની હેરફેર કરનાર અને બીફ વેચનાર-ખરીદનારને પણ આવરી લેવામાં આવ્યા છે.તેમાં વધુમાં વધુ સાત વર્ષની જેલની સજા અને મહત્તમ રૂ ૫૦ હજારના દંડની જોગવાઈ છે.પરંતુ આજ સુધી ગાયોની કતલ કરનારને કે વેચનારને સજા ક દંડ થયો હોય તેવા પ્રસંગો કે ઘટના બહુ જ જવલ્લેજ જોવા કે સાભળવા મળી છે.

ગાયોની દેખભાળ રાખી ન શકતી અને ગોચરની જમીનો હડપ કરી જતી સરકારોને ગૌરક્ષાના નામે વ્યક્તિગત સ્વાતંત્ર્ય પર તરાપ મારતા કાયદા બનાવવાનો શો અધિકારછે, એ પાયાનો સવાલ છે.ખેતીવાડીમાં ગાયોના મહત્વને લઈને તેમના રક્ષણ માટે પ્રયાસ થાય તે આવકાર્ય છે,પણ એ પ્રયત્નો નકારાત્મક ,દંડાત્મક નહી,વિધેયાત્મક હોવા જોઈએ. રાજકીય સ્વાર્થ કે ટોકન હિંદુત્વથી પ્રેરિત આવા કાયદાના બચાવમાં ઘણા ભાજપી નેતાઓ ગાયના આર્થિક મહત્વના ગાણાં ગાવા અને ખેતી તેમનું મહત્વ સમજાવવા બેસી જાય છે, કેમ જાણે એ લોકો સવાર-સાંજ ગાયોના પુંછડા આમળીને, ડચકારા બોલાવતાં બોલવતાં ખેતી કરતા હોય,ખેતીમાં યંત્રોના વધતા ઉપયોગને કારણે બળદો બેકાર થઈ રહ્યા છે. તેમનાં છાણ-મુત્ર 'ઓર્ગેનિક જંતુનાશક' તરીકેના ઉપયોગો વિશે પણ બઢાવી ચઢાવીને રજુ કરાતી વાતો કરતાં હકીકત જુદી છે. આંકડાના આધારે એવું તારવવામાં આવ્યું છે કે પશ્ચિમ બંગાળ,આંધ્ર પ્રદેશ કે તામિલનાડું જેવા રાજ્યોમાં ગૌહત્યા સામે આકરા કાયદા ન હોવા છતાં, એ રાજ્યો ખેતીવાડીમાં મોખરે છે. ગાયોનો મુદ્દો રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક બનાવવાને બદલે, તેના વ્યવહારુ પાસાં ગણતરીમાં લઈને પાંજરા પોળોમાં આવા પ્રાણીઓની સારસંભાળ લઈ શકે અને એમના ખાણદાણની સંપુર્ણ જવાબદારી સરકારે સમાજે લેવાની જરુરી છે.અને તોજ કતલખાને જતાં પશુઓને બચાવી સખાશે. પરંતુ હિંદુ સંસ્કૃતિ અને ગાયમાતનાડાબલા ચડાવી દીધા પછી,ભ્રષ્ટાચાર,કોમી લાગણ અને ધાર્મિક સંકુચિતતા સિવાય બીજા કોઈને આવા કાયદાથી લાભ થાય એમ લાગતું નથી.

લેખક : ઉર્વીશ કોઠારી,
(સૌ. ગુ.સ.)

જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઇએ

જગતની દરેક વ્યક્તિને બીજા કરતાં શ્રેષ્ઠ બનવું છે. દરેક વ્યક્તિને શ્રેષ્ઠ વસ્તુની જ અપેક્ષા રહેતી હોય છે.આપણે ગુલાબના બગીચામાંથી પણ શ્રેષ્ઠ ફુલ શોધીને જ ચુંટીએ છીએ. આપણી જીવન જરુરીયાતની પણ વસ્તુઓ જે સારામાં સારી હોય તે પસંદ કરતાં હોઈએ છીએ. એનો અર્થ એ થાય છે કે, દરેકને જે શ્રેષ્ઠ છે એ જ ગમે છે.ધારો કે બધુ જ શ્રેષ્ઠ હોય તો એમાંથી જે સર્વશ્રેષ્ઠ હોય, એ મેળવવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ. કોઈને ખરાબ થવું કે, ખરાબ વસ્તુ ક્યારેય ગમતી નથી.એમાંથી જ એક બીજો પ્રશ્ન પણ ઊભો થાય છે. જે શ્રેષ્ઠ છે, એ તો શ્રેષ્ઠ જ રહે છે. સોનું તો સોનું જ રહેશે, એ પિત્તળ બનેશે નહીં.સિંહ તો સિંહ જ રહેવાનો,એ કુતરો થઈ જશે નહી.આખરે, આપણે પણ સર્વશ્રેષ્ઠ આરાધના કરનારા લોકો છીએ.એવું જ થવું કરવું જોઈએ.જે સર્વશ્રેષ્ઠ હોય એની જ પસંદગી થવી જોઈએ. આપણે જાણીએ છીએ કે માણસ એક પ્રાણી છે,પણ એ બધા પ્રાણીઓમાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.એનું કારણ એ જ છે કે માણસ બુધ્ધિજીવી પ્રાણી છે.શ્રેષ્ઠ હોવાની પરંપરા સતત ચાલતી જ રહે છે. બુધ્ધિશાળીઓમાં મનુષ્ય શ્રેષ્ઠ છે. એ બધામાં સર્વશ્રેષ્ઠ તો બ્રહ્મજ્ઞાની છે એવું પણ કહેવાયું છે.

સર્વશ્રેષ્ઠ - સર્વી -વિ(સં) બધું, સઘળું, સર્વશ્રેષ્ઠ -સર્વીમાં શ્રેષ્ઠ એવો અર્થ થાય છે. વિશ્વમાં સર્વશ્રેષ્ઠ ધન ક્યુ ? તો નીતિશતમાં આવે છે કે' વિદ્યાધન' એ સર્વશ્રેષ્ઠ ધન છે,અન્ય ધન તો આવે ને જાય, પણ વિદ્યાધનમાં ક્યારેય ઘટ આવતી નથી, એ વાપરો એ પ્રમાણે વધતું જ રહે છે.જે સમાજ સર્વશ્રેષ્ઠ વિદ્વાનોનો આદર સત્કાર કરતો નથી, એ નગુણો ગણાય છે. સત્તા કે પદ તો આજે છે,કાલે નહી હોય, પણ જે સર્વશ્રેષ્ઠ છે, એ માણસની વિદ્વતા છે. વિદ્વાનોનું કામ માર્ગ ચીંધવાનું છે. જે જ્ઞાની છે એ શ્રેષ્ઠ છે.જ્ઞાનીઓમાં પણ જે આચરણ કરનાર, તે સર્વશ્રેષ્ઠ છે.માણસની શ્રેષ્ઠ વૃત્તિ જ એને સર્વશ્રેષ્ઠ બનાવતી હોય છે.આપણી દાનત જ ખારા ટોપરા જેવી હોય તો સર્વશ્રેષ્ઠતા ક્યાંથી પ્રાપ્ત થવાની છે ?જે માત્ર ઉપદેશ આપે છે અને આચરણ કરતો નથી એનો સમાજ સ્વીકાર કરતો નથી.એ એની જાતને ભલે સર્વશ્રેષ્ઠ માનતો હોય, પણ એનો અસ્વીકાર જ થતો હોય છે.જે માણસ ઉપદેશ આપતો નથી, પણ પોતાના કાર્યમાં જ રચ્યોપચ્યો રહે છે. જે સાચા અર્થમાં જે માને છે એનું આચરણ કરે છે એ જ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

ગુરુ એ આપણા માટે સર્વશ્રેષ્ઠ છે.એની બરાબરી કરી શકે એવું કોઈ જ નથી.જેની ઉંચાઈની તોલે કોઈ આવી શકે નહી.એ બધામાં સર્વશ્રેષ્ઠ કહેવાય.આપણે ત્યાં પણ જે ઉત્તમોત્તમ હોય એની જ પુજા થતી હોય છે.પણ જ્યારે શ્રેષ્ઠતાનું અપમાન થતુ હોય ત્યારે આપણે ને ભારોભાર દુઃખ થતુ હોય છે.શ્રેષ્ઠ વ્યક્તિની નીચ વ્યક્તિઓના ત્યાં કાર્યની નિયુક્તિ, સારા સારા અનુરાગના કાર્યોમાં આસક્તિ,દુર્જનો સાથેનો સહવાસ એ બધાનું ખુબજ દુઃખ થાય છે.જ્યાં શ્રેષ્ઠતાનું અપમાન થતું હોય, જ્યાં તે ધુળમાં રગદોળાતી હોય ત્યાં માણસને એનું દુઃખ થાય એ સહજ છે. સાચો માણસ તો એ છે કે જે બીજા માટે મરી ફીટે છે. બીજાના ભલા માટે જે પોતાના પ્રાણની આહુતિ આપે છે. એના પાળીયા પુજાય છે.બીજાનું પડાવી લેવાની દાનતવાળા ક્યારે શ્રેષ્ઠ કે સર્વશ્રેષ્ઠ બની શકતા નથી.સર્વશ્રેષ્ઠ વૃત્તિ જ માનવને માનવ બનાવે છે. કવિ સુંદરમે તો કહ્યું છે :' હું માનવી માનવ થાઈ તો ઘણું ' ભાઈ, તમારે જે બનવું હોય તે બનજો, પણ પ્રથમ માનવ તો બનો. તમો માનવ બનો એ જ તમારી સર્વશ્રેષ્ઠતા છે.

આપણને શ્રેષ્ઠ-અશ્રેષ્ઠના ભેદની પણ સમજ હોવી જોઈએ. ક્યારેક એવું બને કે , જે મારા માટે શ્રેષ્ઠ હોય એ બીજા માટે ન પણ હોય. હું જે જગતમાં સર્વશ્રેષ્ઠ માનતો હોઉ, એ બીજા માટે શક્ય ન બનતું હોય, પણ જે સૌને સ્વીકાર્ય હોય એ શ્રેષ્ઠતાની અહીં આપણે વાત કરીએ છીએ.શાંતિથી મોટો કોઈ ભાઇ નથી.સત્યથી આગળ કોઈ તપ નથી.મોક્ષથી વધીને કોઈ લોભ નથી.આ બધાંજ પોતપોતાના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ છે.એની તુલનામાં બીજું કશું જ આવી શકતું નથી.માણસને મનની શાંતિ હોય, જીવને કોઈ ઉચાટ ન હોય, એનાથી સર્વોત્તમ બીજું શું હોઇ શકે ?સત્યથી અધિક તપ ક્યું હોઇ શકે?અનેક પ્રકારના લોભ-લાલચો હોય છે એમાં મોક્ષના લોભની તોલે શું આવી શકે ?મુર્ખ માણસો પથ્થરના ટુકડારુપી હીરાને રત્નસંજ્ઞાથી ઓળખે છે. પથ્થરનો ટુકડો એ શ્રેષ્ઠ નથી. એ ખાઈ કે પી શકતો નથી.પણ ઉત્તમ વિચારો,ઉત્તમ જળ, અને ઉત્તમ અન્નથી જ માણસ જીવી શકે છે. જે જીવન આપીને ટકાવે છે એનાથી સર્વશ્રેષ્ઠ બીજુ શું હોઇ શકે ?નદીનું પાણી વહેતું હોય તો શ્રેષ્ઠ છે.એ જ રીતે આપણા જીવનનું પણ છે. સૌમાં શ્રેષ્ઠ શું હોઇ શકે ?સંસ્કૃતમાં કોઈએ કહ્યું છે કે ઉપકાર કરવો સૌથી મોટો ધર્મ છે.કર્મદક્ષતા સૌથી મોટો અર્થ છે.સુપાત્રને દાન કરવું એ સૌથી મોટી તૃપ્તિ છે. અને વૈરાગ્ય સૌથી મોટી મુક્તિ છે.આ બધીજ બાબતો

અનુ પાન નં.૨ ઉપર

આપણી આ સરકાર, યુવાઓના ઉજ્જવળ ભાવિનું કરે નિર્માણ

યુવા કારકિર્દી ઘડતર માટે રાજ્ય સરકાર મક્કમ

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના : તેજસ્વી અને જરુરીયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સહાય : રુ.૧૧૦૦ કરોડની ફાળવણી

ઉચ્ચ શિક્ષણ મેળવતા ૪૫૦૦૦ વિદ્યાર્થીઓને ટ્યુશન ફી,ભોજન અને છાત્રાલયની સુવિધા

માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૨૧,૦૩,૦૦૦ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તક

પ્રાથમિક શાળાના ૬૦,૬૦,૦૦૦ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો અને ગણવેશ સહાય

વૈશ્વિકકક્ષાનું જ્ઞાન અને અદ્યતન માહીતિ થશે સુલભ : રુ.૧૦૦૦ ટોકનની કિંમતથી ૩.૫૦ લાખ વિદ્યાર્થીઓને અપાશે ટેબલેટ :રુ.૨૦૦ કરોડની જોગવાઇ

રોજગારીમાં અગ્રેસર : ૩ લાખ યુવાનોના લાભ માટે ૧૦૦ ભરતી મેળાઓનું આાયોજન : રુ.૮૬૬ કરોડની જોગવાઇ

સ્ટાર્ટઅપ નીતિ : સંસોધન અને વિકાસને પ્રોત્સાહન તથા સહાય માટે રુ.૧૭ કરોડની જોગવાઇ

સુક્ષ્મ ,લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસિકો માટે રુ.૧૦૦૦કરોડનું પેકેજ

રુ.૨૦ કરોડની જોગવાઇ સાથે પ્રવાસન અને આતિથ્ય સત્કારક્ષેત્રના ૧૫ તાલીમ અભ્યાસક્રમો દ્વારા રુ. ૧૦,૦૦૦કરોડની જોગવાઇ સાથે પ્રવાસન અને આતિથ્ય સત્કારક્ષેત્રના ૧૫ તાલીમ અભ્યાસક્રમો દ્વારા ૧૦,૦૦૦યુવાનોને મળશે રોજગારીની તક

કલા સાંસ્કૃતિક ક્ષેત્રની યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન : રાજ્યકક્ષાના કલા મહાકુંભના આયોજન માટે રુ. ૧૦કરોડની જોગવાઇ

રમતગમત અને વ્યાયામ પ્રવૃત્તિને વેગ : ૧૦,૦૦૦ રુરલ જીમ શરુ થશે રુ.૧૧૮ કરોડની ફાળવણી.

અને ઘણુ બધું.

સૌનો સાથ સૌનો વિકાસ

નિર્ણાયક સરકાર : પ્રગતિશીલ સરકાર

શ્રી નરેન્દ્રભાઇ મોદી
પ્રધાનમંત્રી, ભારત સરકાર

શ્રી વિજય રુપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

ભારતીય જનતા પાર્ટીના સિનિયર નેતા સુબ્રમણ્યમ સ્વામીએ રાજીવ ગાંધીની પ્રશંસા કરી એક સારા માનવી ગણાવ્યા

જેમની જીભે કોઈની પ્રશંશા ના શોભે તેવા સમાચારો આવ્યા કે બીજેપી નેતા સ્વામી સુબ્રમણ્યમે પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની પ્રશંશા કરી અને તેમને નહેરુ-ગાધી પરિવારના એક માત્ર સારા માનવી તરીકે ગણાવ્યા હતા.તેમણે જણાવ્યુ હતું કે તેમણે હિન્દુઓની જાગૃત્તિ માટે પોતાનું યોગદાન આપ્યું હતું. રાજીવ ગાંધી નહેરુ-ગાંધી પરિવારમાં એક માત્ર સારા માનવી હતી અને તેમણે હિન્દુઓમાં જાગૃત્તિ લાવવાનું પોતનું યોગદાન આપ્યુ હતું.એમ તેમણે સુત્રોને જણાવ્યુ હતું.પુર્વ રાજ્યસભા સાંસદ સ્વામીએ પુર્વ પીએમને યાદ કરતાં કહ્યુ હતું કે તેમણે પ્રખ્યાત સિરિયલ રામાયણને દુરદર્શન પર ટેલીકાસ્ટ કરાવી હતી. અને બાદમાં પ્રાર્થના માટે રામ મંદિરના દ્વારા લોકો માટે ખોલી આપ્યા હતા. કોગ્રેસના કેટલાક નેતાઓનો વિરોધ હોવા છતાં તેમણે રામાયણને દુરદર્શન પર ટેલીકાસ્ટ થવા દીધી હતી એમ સ્વામી કહ્યુ હતું.

આત્મહત્યાનો પ્રયાસ માનસિક બિમારી, હવે ગુનો નહી ગણાય

તીવ્ર તાણમાં આત્મહત્યાના પ્રયાસને ગુનો નહી માનવામાં આવે. તે માનસિક બિમારીની શ્રેણીમાં આવશે. આ અંગેનું એક મહત્વનું બિલ લોકસભામાં પસાર થતાં તેને સંસદમાં બહાલી મળી ગઈ હતી.લોકસભામાં 'મેન્ટલ હેલ્થ કેર બિલ ૨૦૧૬'ને મૌખિક મતદાનથી બહાલી અપાઈ હતી. આ બિલ અગાઉ આઠ ઓગષ્ટ ૨૦૧૬એ રાજ્યસભામાં મંજુર થયું હતું.લોકસભામાં આ બિલ અંગે થયેલી ચર્ચાનો જવાબ આપતાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી નડ્ડાએ કહયુ કે ૧૯૮૭નું જુનુ બિલ સંસ્થા આધારિત હતું.પરંતુ નવા બિલમાં દર્દી અને સમુદાયને તેની સારવારનો અધિકાર આપવામાં આવે છે.અને તેમાં દર્દી કેન્દ્રીત છે.મહિલા દર્દીને ખાસ સારવાર અપાશે. નડ્ડાએ કહ્યુ હતું કે આ બિલ અમલમાં આવ્યા બાદ આત્મહત્યાના પ્રયાસને ગુનો નહિ ગણાય તે માત્ર માનસિક બિમારી જ ગણાશે.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક, સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક:
એ. એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૨૦૯૯૨૪

સરકારી લાભો લેવા માટે આધાર કાર્ડ ફરજીયાત કરી શકાય નહીં : સુપ્રીમ કોર્ટ

એક તરફ કેન્દ્ર સરકાર દેશમાં તમામ સર્વિસ માટે આધાર કાર્ડ ફરજીયાત બનાવવા પર ભાર મુકી રહી છે. ત્યારે સુપ્રીમ કોર્ટે તેના આ પ્રયાસને આંચકો આપતાં એક ચુકાદામાં સ્પષ્ટ કર્યુ છે કે સરકારી કલ્યાણકારી યોજનાઓના લાભ લેવા માટે આધાર કાર્ડ ફરજીયાત બનાવી શકાય નહીં. ચીફ જસ્ટીસ જે.એસ.ખેહર અને જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડ અને એસ.કે કૌલની બનેલી સુપ્રીમ કોર્ટની ખંડપીઠે કહ્યુ છે કે સરકાર અને તેની સંસ્થાઓ બેન્ક એકાઉન્ટ ખોલાવવા સહિતની કલ્યાણકારી યોજનાઓના લાભ લેવા માટે આધાર કાર્ડ ફરજીયાત બનાવી શકે નહીં.સુપ્રીમ કોર્ટે કહ્યુ કે જેની પાસે આધાર કાર્ડ નથી તેમને સરકારી લાભ લેતા રોકી શકાય નહીં.નાગરિકોની અંગત સુરક્ષાના અધિકાર સહિતના કારણો સાથે આધાર કાર્ડને પડકારતી અરજી પર સુનાવણીી કરતાં ખંડપીઠે એમ પણ કહ્યુ કે આ માટે સાત જજોની બનેલી બેન્ચ દ્વારા સત્તાવાર રીતે આ કેસમાં ચુકાદો જાહેર થવો જોઈએ.જો કે આ તબક્કે આવી ખંડપીઠની રચના કરી શકાય નહીં તેમ જણાવીને સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ અંગે પાછળથી વિચારણા કચરવામાં આવશે. આધાર કાર્ડને પડકારતી કેટલીક અરજીઓ પૈકીના એક અરજદાર વતી ઉપસ્થિત રહેલા સિનિયર એડવોકેટ શ્યામ દિવાને આરોપ મુક્યો હતો કે કેન્દ્ર સરકાર એપેક્સ કોર્ટે આધાર કાર્ડ સ્વેચ્છીક છે અને ફરજીયાત નથી તે સંદર્ભે ભુતકાળમાં જે ચુકાદાઓ આપ્યા છે તેનું પાલન કરતી નથી.

એપેકસ કોર્ટે ૧૧ ઓગષ્ટ ૨૦૧૫માં એવો ચુકાદો આપ્યો હતો કે સરકારી કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા માટે આધાર કાર્ડ ફરજીયાત નથી.સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં એમ પણ જણાવ્યુ હતું કે સત્તાવાળાઓ આ સ્કીમમાં એનરોલ થનારાઓના ડેટા બીજા કોઈને આપી શકે નહીં. જોકે ૧૫ ઓક્ટો.૨૦૧૫ના રોજ તેણે અગાઉ મુકેલા પ્રતિબંધો મર્યાદિત કર્યા હતા.અને મનરેગા,પેન્શન સ્કીમો, જનધન યોજના તેમજ પ્રોવિડન્ટ ફંડમાં મરજીયાત રીતે આધાર કાર્ડના ઉપયોગની પરવાનગી આપી હતી.તત્કાલીન ચીફ જસ્ટીસ એચ.એલ.દત્તુની બનેલીી પાંચ જોજોની ખંડપીઠે તે વખતે કેન્દ્ર સરકાર માટે તેના આદેશમાં કેવિયેટ પણ રજુ કરી હતી. આદેશમાં તેણે કહ્યુ હતું કે જ્યાં સુધી કોર્ટ દ્વારા બીજો કોઈ આદેશ આપવામાં ન આવે ત્યાં સુધી આધાર કાર્ડ કોઈપણ સરકારી સ્કીમમાટે સ્વેચ્છીક છે અને ફરજીયાત નથી.બેન્ચે એલપીજી અને સસ્તા અનાજની દુકાનમાંથી લેવાનાર અનાજ સહિતની ચાર સ્કીમ માટે આધાર કાર્ડના ઉપયોગની પરવાનગી આપી હતી.બેન્ચે એમ પણ કહ્યુ હતું કે આધાર કાર્ડના ડેટાનો ઉપયોગ કરીને નાગરિકોની અંગત માહીતી લીક કરાઈ રહી છે તેવા આરોપમાં ચુકાદો આપવા માટે સાત જજોની બનેલી મોટી ખંડપીઠની રચના થવી જોઈએ.

અરજદાર વતી ઉપસ્થિત વકીલ દિવાને કહ્યુ હતું કે આધાર કાર્ડની રચના માટે બનાવવામાં આવેલી યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયા કોઈ કાયદેસર કે વૈધાનિક આધાર છે નથી અને તે લોકોની માહીતિ એકત્રી ત કરી રહ્યુ છં.

ઓટો સેક્ટરમાં ભારે ડિસ્કાઉન્ટની ઓફરને લીધે વાહનોનો સ્ટોક ખુટી પડ્યો

સુપ્રીમ કોર્ટે ૧ લી એપ્રિલથી સમગ્ર દેશમાં બીએસ-૩ એમિશન ધરાવતાં વાહનોના લે-વેચ પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો હોવાથી હિરો હોન્ડા,ડુકાટી, કાવાસાકી, ટ્રાયમ્ફ જેવી કંપનીઓ દ્વારા ટુ વ્હિલર્સ પર ૨૨,૦૦૦થી ૩ લાખ સુધીના ડિસ્કાઉન્ટની ઓફરો કરવામાં આવી રહી છે તેવા સમાચારો વેગવાન હતા.જે કંપનીઓ પાસે સ્ટોકમાં આ કેટેગરીના વાહનો પડ્યા હતા તેમણે ભારે ડિસ્કાઉન્ટથી વાહનો વેચવા માંડ્યા હતા.

મુંબઈ,દિલ્હી,ગુજરાત,રાજસ્થાન સહિતના અનેક રાજ્યોમાં ટુ વ્હિલર્સ કંપનીઓ ઉપર લોકોની કતારો જામી હતી.વાહનો આઉટ ઓફ સ્ટોક થઈ ગયા હતા.સ્પોર્ટસ બાઈક્સ અને સુપર બાઈક્સ ઉપર એન્ટ્રી લેવલથી માંડીને હાઈ એન્ડ બાઈક્સ ઉપર મોટી છુટ આપવામાં આવી હતી. ટ્રાયમફ કંપનીની કુઝ બાઈક ઉપર મુબઈમાં ત્રણ લાખની છુટ આપવામાં આવી રહી હતી.તે ઉપરાંત અન્ય કંપનીઓએ આ રેન્જમાં પોતાની પ્રોડકસને ૧ લાખના ડિસ્કાઉન્ટે વેચી હતી.સ્કુટરો ઉપર ૧૨૫૦૦ની છુટ અપાઈ હતી.આમ ૨૦૧૭ના નાણાંકીય વર્ષ પુરુ થતાં ઓટો સેકટરનો જુનો માલનો ભરાવો ઓછો થઈ ગયો હતો.

ગ્રાહક મિત્રોને વિનંતી.
આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.
નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.